બાંગ્લાદેશ બોર્ડને ICCની ચેતવણી

ભારતમાં રમો અથવા પોઈન્ટ ગુમાવો

બાંગ્લાદેશે જો કે અહેવાલો નકારી કહ્યું, ICC સુરક્ષા સંબંધિત ચિંતા દૂર કરવા સાથે મળી કામ કરવા તૈયાર

બીસીબી દ્વારા અલ્ટિમેટમ મળ્યાની વાત નકારાઇ હોવા અંગે આઇસીસીની પ્રતિક્રિયા હજુ આવી નથી

દુબઈ/ઢાકા, તા. 07 : આગામી પુરુષોના ટી-20 વર્લ્ડકપમાં બાંગ્લાદેશના સહભાગી થવા અને ભારત આવવાના મામલે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) વચ્ચે થયેલા કોલમાં વિરોધાભાસી અહેવાલો સામે આવ્યા છે. એક તરફ એવા અહેવાલો આવ્યા હતા કે આઇસીસી દ્વારા બીસીબીને કહી દેવાયું છે કે ભારતમાં રમો અથવા તો પોઇન્ટ ગુમાવો, જ્યારે બીસીબીએ એ અહેવાલોને ફગાવીને કહ્યું હતું કે આઇસીસીએ ટી-20 વર્લ્ડકપમાં અમારી ભાગીદારી સંબંધિત ચિંતાઓને દૂર કરવા માટે અમારી સાથે કામ કરવાની તૈયારી દર્શાવી છે.

પહેલા એવું જાણવા મળ્યું છે કે મંગળવારે એક વર્ચ્યુઅલ કોલમાં, આઇસીસીએ બીસીબીને જણાવ્યું હતું કે સુરક્ષા ચિંતાઓને કારણે તે બાંગ્લાદેશની મેચ ભારતની બહાર રમવાની વિનંતીને નકારી રહી છે. આઇસીસીએ બીસીબીને એવું કહ્યું હોવાનું માનવામાં આવે છે કે બાંગ્લાદેશે ટી-20 વર્લ્ડકપ રમવા માટે ભારતની યાત્રા કરવાની જરૂર પડશે નહીંતર પોઈન્ટ ગુમાવવાનું જોખમ રહેશે. જોકે, બીસીબીએ દાવો કર્યો છે કે સંચાલક મંડળ દ્વારા તેમને આવું કોઈ અલ્ટીમેટમ આપવામાં આવ્યું નથી.

બીસીસીઆઇના નિર્દેશ પર બાંગ્લાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને આઇપીએલમાંથી બાકાત કરાયા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ વધી ગયો છે. આનાથી નારાજ બીસીબીએ આઇસીસીને પત્ર લખીને માગ કરી હતી કે ભારતમાં યોજાનારી તેની ચાર વર્લ્ડકપ મેચ સહ-યજમાન શ્રીલંકામાં રમાય.

બીસીબીએ કહ્યું હતું કે આઇસીસીએ અમારી ચિંતાઓને દૂર કરવા માટે અમારી સાથે નજીકથી કામ કરવાની તૈયારી દર્શાવી છે. આઇસીસીએ ખાતરી આપી છે કે બોર્ડના સૂચનોનું સ્વાગત કરવામાં આવશે અને ઇવેન્ટના આયોજિત કરવા માટે વિગતવાર સુરક્ષા યોજનાના ભાગ રૂપે યોગ્ય રીતે વિચારણા કરવામાં આવશે. આ સંદર્ભમાં આઇસીસીએ હજુ સુધી કોઈ જાહેર પ્રતિક્રિયા આપી નથી.

ભારતે અંડર-19 વન ડે સીરિઝમાં દ. આફ્રિકાને 3-0થી ક્લીનસ્વીપ કર્યું

ભારતે વૈભવ સૂર્યવંશી અને એરોન જ્યોર્જની સદીઓની મદદથી 7 વિકેટે 393 રન બનાવ્યા

દક્ષિણ આફ્રિકાની ટીમ 35 ઓવરમાં 160 રને ઓલઆઉટ થતાં ભારત 233 રને મેચ જીત્યું

બેનોની, તા. 07 : દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતની અંડર-19 ટીમે ત્રણ વન ડે મેચની સીરિઝની અંતિમ મેચમાં આજે બુધવારે વૈભવ સૂર્યવંશી અને એરોન જ્યોર્જે સદીની મદદથી સાત વિકેટે 393 રનનો વિશાળ સ્કોર બનાવ્યા પછી યજમાન દક્ષિણ આફ્રિકાને માત્ર 160 રનમાં ઓલઆઉટ કરીને મેચ 233 રનથી જીતવા સાથે ત્રણ મેચની સીરિઝ 3-0થી ક્લીન સ્વીપ કરી હતી.

ભારતીય ઇનિંગ દરમિયાન કેપ્ટન સૂર્યવંશીએ ફરી એકવાર છગ્ગાનો મારો ચલાવીને 74 બોલમાં 10 છગ્ગા અને નવ ચોગ્ગાની મદદથી 127 રનની ઇનિંગ રમી હતી. સૂર્યવંશીને જ્યોર્જે 106 બોલમાં 118 રન બનાવીને સારો સાથ આપ્યો. બંનેએ મળીને 227 રનની ઓપનિંગ ભાગીદારી કરીને મોટા સ્કોરનો પાયો નાખતાં ભારતે સાત વિકેટે 393 રનનો વિશાળ સ્કોર બનાવ્યો, જે દક્ષિણ આફ્રિકા માટે એક વિશાળ લક્ષ્ય સાબિત થયો અને ટીમ 35 ઓવરમાં 160 રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

આ મોટા લક્ષ્યનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકાએ ચોથી ઓવરમાં 15 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. કિશન સિંહે પોતાની બોલિંગથી ભારે તબાહી મચાવી હતી. યજમાન ટીમ વતી ડેનિયલ બોસમેને થોડો સમય સંઘર્ષ કર્યો હતો દક્ષિણ આફ્રિકા ૨૩મી ઓવરમાં છ વિકેટે 99 રન પર લથડ્યું હતું પણ પોલ જેમ્સે 41 અને કોર્ન બોથાએ 36 રન કરીને હારને થોડા સમય માટે પાછળ ઠેલી હતી.

બેથલની પહેલી ટેસ્ટ સદીથી ઇંગ્લેન્ડે ટેસ્ટને પાંચમા દિવસ સુધી ખેંચી

ઈંગ્લેન્ડના બીજા દાવની પહેલી ઓવરમાં જ ક્રિઝ પર આવેલા બેથલે દિવસના અંત સુધી બેટિંગ કરી

સિડની, તા. 07 (એપી) : એશિઝ સીરિઝની પાંચમી અને અંતિમ ટેસ્ટના આજે બુધવારે ચોથા દિવસે જેકબ બેથલે પોતાની પ્રથમ ટેસ્ટ સદી ફટકારતાં ઇંગ્લેન્ડ મેચને પાંચમા દિવસ સુધી લંબાવીને પોતાની આશા જીવંત રાખી હતી. ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ સમાપ્ત થયા પછી ઇંગ્લેન્ડની બીજી ઇનિંગની પહેલી ઓવરમાં જ જેક ક્રાઉલી આઉટ થતાં બાર્બાડોસમાં જન્મેલો 22 વર્ષીય ઓલરાઉન્ડર બેથેલ ક્રીઝ પર આવ્યો હતો અને ચોથા દિવસના અંત સુધી ક્રિઝ પર રહીને તેણે 232 બોલમાં 142 રન બનાવીને ઇંગ્લેન્ડને મેચ પાંચમા દિવસ સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્ટમ્પ સમયે ઇંગ્લેન્ડે તેની બીજી ઇનિંગમાં આઠ વિકેટે ૩૦૨ રન બનાવ્યા હતા અને બેથલની સાથે મેથ્યૂ પોટ્સ શૂન્ય રને ક્રિઝ પર હતો. ઇંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાની સરસાઇ કાપ્યા પછી હવે તેની પાસે 119 રનની સરસાઇ છે.

બેથલે બેન ડકેટ (42) સાથે 81, જો રૂટ (06) સાથે 32, હેરી બ્રુક (42) સાથે 102 અને જેમી સ્મિથ (26) સાથે 45 રનની ભાગીદારી કરી હતી. એક છેડે વિકેટ પડતી હોવા છતાં બેથલે પોતાની ધીરજ અને કૌશલ્ય દર્શાવ્યું. ઓલરાઉન્ડર બ્યુ વેબસ્ટર ત્રણ વિકેટ લઇને ઓસ્ટ્રેલિયા માટે અણધાર્યો સ્ટાર બનીને ઉભરી આવ્યો. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ પોતાની પહેલી ઇનિંગમાં 567 રન બનાવીને 183 રનની સરસાઇ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ સવારે સાત વિકેટે 518 રનથી પોતાનો પહેલો દાવ ફરી શરૂ કર્યો હતો પરંતુ 49 રનમાં બાકીની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ઇંગ્લેન્ડે પોતાની પહેલી ઇનિંગમાં 384 રન બનાવ્યા હતા.

ઈંગ્લેન્ડ પ્રથમ દાવ	384			
ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ	**567**			
ઈંગ્લેન્ડ બીજો દાવ	રન	બોલ	4	6
કાઉલી LB બો.સ્ટાર્ક	1	2	0	0
ડકેટ બો.નાસર	42	55	6	0
બેથલ રમતમાં	142	232	15	0
રૂટ LB બો.બોલાન્ડ	6	37	1	0
બ્રુક LB બો.વેબસ્ટર	42	48	5	0
જેક્સ કો.ગ્રીન બો.વેબસ્ટર	0	2	0	0
સ્મિથ રનઆઉટ	26	41	3	0
સ્ટોક્સ કો.સ્મિથ બો.વેબસ્ટર	1	5	0	0
કાર્સ કો.સ્મિથ બો.બોલાન્ડ	16	20	3	0
પોટ્સ રમતમાં	0	10	0	0
વધારાના	26			
કુલ (75 ઓવરમાં આઠ વિકેટે)	302			

વિકેટપતન : 1/4, 2/85, 3/117, 4/219, 5/219, 6/264, 7/267, 8/297

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	14	2	61	1
સ્કોટ બોલાન્ડ	19	4	34	2
માઇકલ નાસર	16	0	55	1
કેમરન ગ્રીન	6	0	40	0
બ્યુ વેબસ્ટર	13	1	51	3
ટ્રેવિસ હેડ	4	0	25	0
માર્નસ લાબુશેન	3	0	15	0

ઇંગ્લીશ કેપ્ટન તરીકે સર્વાધિક ટેસ્ટ વિકેટ લેવા મામલે સ્ટોક્સ વિલિસ સાથે બરાબરીએ

સિડની, તા. 07 : બેન સ્ટોક્સે ટેસ્ટ ક્રિકેટમાં ઇંગ્લેન્ડના કેપ્ટન તરીકે સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ લેનારો બોલર બન્યો છે. તેણે માજી દિગ્ગજ બોબ વિલિસની બરાબરી કરી છે. વિલિસે ટેસ્ટ ક્રિકેટમાં ઇંગ્લેન્ડ માટે કેપ્ટન તરીકે 77 વિકેટ લીધી હતી. સિડનીમાં ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચેની એશિઝ સીરિઝની પાંચમી અને અંતિમ ટેસ્ટમાં સ્ટોક્સે માર્નસ લાબુશેનને આઉટ કરીને પોતાની વિકેટનો આંકડો પણ 77 પર પહોંચાડ્યો છે. સ્ટોક્સ વિશ્વ ક્રિકેટમાં કેપ્ટન તરીકે સર્વાધિક વિકેટ લેવા મામલે સંયુક્તરીતે 12માં ક્રમે છે. આ યાદીમાં ઇમરાન ખાન 187 વિકેટ સાથે ટોચ પર છે અને તેના પછી પેટ કમિન્સ 151 વિકેટ ધરાવે છે.

ઇંગ્લેન્ડના કેપ્ટન તરીકે સૌથી વધુ ટેસ્ટ વિકેટ

ખેલાડી	ટેસ્ટ	વિકેટ
બેન સ્ટોક્સ	42	77
બોબ વિલિસ	18	77
રે ઇલિંગવર્થ	31	51
ગુબી એલન	11	42
જોની ડગ્લાસ	18	37
ઇયાન બોથમ	12	35

અર્જુન તેંદુલકર-સાનિયા ચાંડોક પાંચમી માર્ચે લગ્ન કરશે

ત્રણ માર્ચથી લગ્નની વિધિ શરૂ થશે, લગ્ન સમારોહ મુંબઇમાં જ ત્રણ દિવસમાં સંપન્ન થશે

મુંબઈ, તા. 07 : સચિન તેંદુલકરના પુત્ર અર્જુન તેંદુલકર અને સાનિયા ચાંડોક પાંચમી માર્ચે લગ્ન કરવાના છે. જેનાથી મહિનાઓથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. અર્જુને ગયા ઓગસ્ટમાં નજીકના મિત્રો અને પરિવારના સભ્યોની હાજરીમાં સાનિયા સાથે સગાઈ કરી હતી.

બંનેના લગ્નની અન્ય વિધિઓ ત્રણ માર્ચથી શરૂ થશે અને પાંચમી માર્ચે લગ્ન સાથે મુંબઈમાં યોજાનારો આ લગ્ન સમારોહ ત્રણ દિવસમાં સંપન્ન થશે અને તેમાં માત્ર ગણતરીના નજીકના મિત્રો સહિતના પરિવારના લોકો જ સામેલ રહેવાની સંભાવના છે. સાનિયા ચાંડોક મુંબઈના એક અગ્રણી વ્યાપારી પરિવારમાંથી આવે છે. તે ગ્રેવિસ ગ્રુપના વડા અને પ્રખ્યાત ઉદ્યોગપતિ રવિ ઘાઈની પૌત્રી છે. આ ગ્રુપ ફૂડ અને હોસ્પિટાલિટી સેક્ટરમાં એક મુખ્ય ખેલાડી છે અને ભારતમાં બ્રુકલિન ક્રીમરી અને બાસ્કિન રોબિન્સ જેવી આઈસ્ક્રીમ બ્રાન્ડની માલિકી ધરાવે છે.

એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ દોડવીર જોહ્ન્સને નિવૃત્તિ લીધી

2023માં હાંગઝોઉ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ જીત્યા પછી જોહ્નસને કોઈ સ્પર્ધામાં ભાગ લીધો નથી

2018માં જોહ્નસને શ્રીરામ સિંહનો 800 મીટરનો અને બહાદુર પ્રસાદનો 1500 મીટરનો નેશનલ રેકોર્ડ તોડ્યો હતો

નવી દિલ્હી, તા. 07 (પીટીઆઈ) : એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ અને ભારતીય દોડવીર જિન્સન જોહ્ન્સને બુધવારે નિવૃત્તિની જાહેરાત કરતા કહ્યું કે 15 વર્ષની કારકિર્દી પછી કંઈક નવું કરવાનો પ્રયાસ કરવાનો સમય આવી ગયો છે.

કેરળના 34 વર્ષીય ખેલાડીએ કહ્યું કે તેની સફર આકરી તાલીમ, સંઘર્ષ અને પીડાદાયક ઈજાઓથી ભરેલી હતી. ઓક્ટોબર 2023માં હાંગઝોઉ એશિયન ગેમ્સમાં 1500 મીટરમાં બ્રોન્ઝ મેડલ જીત્યા પછી જોહ્ન્સન કોઈ સ્પર્ધામાં ભાગ લીધો નથી. 2018 જકાર્તા એશિયન ગેમ્સમાં 1500 મીટરમાં ગોલ્ડ મેડલ જીતવો એ તેની કેરિયરનો શ્રેષ્ઠ સમય હતો. તેણે તે જ ગેમ્સમાં 800 મીટરમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો.

જોહ્ન્સને ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે એક છોકરાની સ્વપ્નીલ સફર કોલકાતામાં શરૂ થઈ અને 2023 હાંગઝોઉ એશિયન ગેમ્સમાં પોડિયમ સુધી પહોંચી. આભાર, એથ્લેટિક્સ. મને ઓલિમ્પિક ગેમ્સ, વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં મારા દેશનું પ્રતિનિધિત્વ કરવાનો લહાવો મળ્યો. જ્યારે પણ મેં ત્રિરંગો પહેર્યો, ત્યારે હું ફક્ત મારા પગથી જ નહીં પરંતુ મારા હૃદયથી દોડ્યો.

2018માં ગુવાહાટીમાં રાષ્ટ્રીય ઇન્ટર સ્ટેટ ચેમ્પિયનશિપમાં જોહ્ન્સને એક મિનિટ 45.65 સેકન્ડનો સમય લઈને સુપ્રસિદ્ધ એથ્લીટ શ્રીરામ સિંહનો 42 વર્ષ જૂનો પુરુષોનો 800 મીટર નેશનલ રેકોર્ડ તોડ્યો હતો. ગોલ્ડ કોસ્ટ 2018 કોમનવેલ્થ ગેમ્સમાં, જોહ્ન્સને 3 મિનિટ 37.86 સેકન્ડના સમય સાથે બહાદુર પ્રસાદનો 23 વર્ષ જૂનો 1500 મીટર નેશનલ રેકોર્ડ તોડ્યો હતો. તે પછી તેણે પોતાના નેશનલ રેકોર્ડમાં બે વાર સુધારો કર્યો, જેમાં શ્રેષ્ઠ રેકોર્ડ 2019 માં બર્લિન મીટમાં 3:35.24 સેકન્ડનો હતો.

મલેશિયા ઓપન : સિંધુ અને સાત્વિક-ચિરાગની જીત સાથે શરૂઆત

મિક્ષ ડબલ્સમાં ધ્રુવ-તનિષા અને મહિલા ડબલ્સમાં ટ્રિસા-ગાયત્રીની જોડી હારીને બહાર

કુઆલાલંપુર, તા. 07 (પીટીઆઈ) : લાંબા સમય સુધી ઈજાને કારણે બહાર રહેલી ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુએ વાપસી કરતાં બુધવારે અહીં મલેશિયા ઓપન સુપર 1000 ટુર્નામેન્ટમાં નવી સીઝનની શરૂઆત જીત સાથે કરી હતી આ તરફ ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડીની પુરુષ ડબલ્સ જોડી પણ જીત સાથે આગળ વધી હતી. ૩૦ વર્ષીય માજી વર્લ્ડ ચેમ્પિયન સિંધુએ ગયા વર્ષે ઓક્ટોબરમાં પગની ઈજામાંથી સ્વસ્થ થવા માટે તમામ BWF વર્લ્ડ ટૂર ઈવેન્ટ્સમાંથી નામ પાછું ખેંચી લીધું હતું. તેણે વાપસી પર સારું પ્રદર્શન કરીને 51 મિનિટ ચાલેલી મહિલા સિંગલ્સ મેચમાં ચાઈનીઝ તાઈપેઈની સુંગ શુઓ યુનને 21-14, 22-20થી હરાવી હતી. સાત્વિક અને ચિરાગે ચાઈનીઝ તાઈપેઈના યાંગ પો હસુઆન અને લી સે-હુઆને 35 મિનિટમાં 21-13, 21-15 થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. તેમનો આગામી મુકાબલો મલેશિયાના જુનૈદી આરિફ અને રોય કિંગ યાપ સામે થશે. વિશ્વની 17મી ક્રમાંકિત ભારતીય મિક્ષ ડબલ્સ જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો 56 મિનિટ ચાલેલા સંઘર્ષપૂર્ણ મુકાબલામાં અમેરિકન જોડી પ્રેસ્લી સ્મિથ અને જેની ગાય સામે 15-21, 21-18, 15-21થી હારી ગઈ હતી. મહિલા ડબલ્સમાં ટ્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદે ઈન્ડોનેશિયાની ફેબ્રિયાના દ્વિપુજી કુસુમા અને મેલિસા ટ્રાયસ પુસ્પિતસારી સામે જોરદાર મુકાબલો કર્યો હતો પરંતુ આખરે 66 મિનિટની મેચમાં 9-21 23-21 19-21થી હારી ગઈ હતી.

ટી-20 વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડની ટીમ જાહેર, ડફીનો સમાવેશ

સેન્ટનરના નેતૃત્વ હેઠળની ન્યૂઝીલેન્ડની ટીમમાં સામેલ ખેલાડીઓમાંથી એકમાત્ર જેકબ ડફી જ હજુ સુધી ટી-20 વર્લ્ડકપ રમ્યો નથી

વેલિંગ્ટન, તા. 07 (એપી) ન્યૂઝીલેન્ડ દ્વારા આજે બુધવારે ટી-20 વર્લ્ડકપ માટે પોતાની ટીમ જાહેર કરી છે અને તેમાં 2025માં ઇન્ટરનેશનલ ક્રિકેટમાં રેકોર્ડ 81 વિકેટ લેનાર ઝડપી બોલર જેકબ ડફીને સામેલ કરવામાં આવ્યો છે.

31 વર્ષીય આ ફાસ્ટ બોલરે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ 79 વિકેટ લેવાનો રિચાર્ડ હેડલીનો 40 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. આ પ્રભાવશાળી પ્રદર્શને ડફીને વર્લ્ડ ટી-20 બોલિંગ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચાડ્યો. ડફી ન્યૂઝીલેન્ડ ટીમનો એકમાત્ર ખેલાડી છે જેણે હજુ સુધી ટી-20 વર્લ્ડકપમાં ભાગ લીધો નથી. ડફી 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન ભારત અને શ્રીલંકામાં રમાનાર ટુર્નામેન્ટ માટે ન્યુઝીલેન્ડના અનુભવી ઝડપી બોલિંગ આક્રમણનો ભાગ હશે, જેમાં મેટ હેનરી, લોકી ફર્ગ્યુસન, એડમ મિલ્ને અને ઓલરાઉન્ડર જીમી નીશમનો સમાવેશ થાય છે. કાયલ જેમીસન ફાસ્ટ બોલિંગ રિઝર્વ તરીકે ટીમ સાથે પ્રવાસ કરશે. ન્યૂઝીલેન્ડનું નેતૃત્વ ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર કરશે. ટીમમાં સ્પિન બોલિંગ નિષ્ણાત ઇશ સોઢી અને ઓલરાઉન્ડર માઈકલ બ્રેસવેલ, ગ્લેન ફિલિપ્સ અને રચિન રવિન્દ્રનો પણ સમાવેશ થાય છે. સેન્ટનર અને સોઢી બંનેએ ભારતમાં 2016 ના T20 વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો.

ટી-20 વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડ ટીમ : મિચેલ સેન્ટનર (કેપ્ટન), ફિન એલન, માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકબ ડફી, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરિલ મિશેલ, એડમ મિલ્ને, જેમ્સ નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, ટિમ સીફર્ટ, ઇશ સોઢી.

સુડોકુ ૬૪૧૭ - 'ક્રૂટિ'

	૮	૯	૨		૧	૫	૬	૩
૬	૭		૩	૪	૫			
		૩	૬	૯		૭	૪	૧
			૪					૭
૧		૭	૯		૬	૪		૮
૯				૮		૬		૫
	૯		૫			૩	૮	૬
૮	૧	૬	૭					૪
	૨		૮	૬	૪	૧		૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૩	૬	૨	૬	૭	૨	૬	૬
૨	૨	૨	૭	૬	૩	૭	૬	૭
૬	૭	૬	૬	૩	૨	૬	૨	૭
૭	૬	૨	૬	૨	૬	૨	૭	૬
૩	૬	૭	૬	૨	૨	૨	૭	૬
૬	૨	૩	૬	૭	૭	૬	૬	૨
૬	૨	૭	૭	૭	૬	૭	૭	૭
૭	૭	૭	૭	૭	૭	૭	૭	૭
૬	૭	૭	૭	૭	૭	૭	૭	૭

૭૬૨૬-૭૬૬૭ ક્રિડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

હૃદયની પીડા- શૂળ

બીજોરૂ એક પ્રકારનું મોટું લીંબુ છે. કચ્છમાં સારા થાય છે. બીજોરૂ છોલી એના ગરમા વાટેલા મરી ભેળવી એક થી બે ચમચી ખાઈ જવાથી શૂળ મટે છે.

શબ્દગુંફન - ૭૧૪૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. ખબરપત્રી, તંત્રી (૭)
૬. ગીતની રચના કરનાર (૪)
૭. પર્વત (૨)
૯. પાણીનું પ્રાણી (૪)
૧૧. ચાલવું તે (૩)
૧૨. માવજત (૩)
૧૪. શરીર, દેહ (૨)
૧૫. એક નદી (૨)
૧૬. નસ (૨)
૧૭. પવન, વાર્તા (૨)
૧૮. આનંદ (૨)
૧૯. શ્વાસ (૨)
૨૦. ચિંતન (૩)
૨૧. એક જાતનું કાપડ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૩. ખેલ (૩)
૨૬. નિરોગી (૨)
૨૭. અનિમેષ નજર (૨)
૨૯. કેફ, ખુમારી (૨)
૩૦. સાવ સહેલી વાત (૫)
૩૧. તેજ (૩)

ઊભી ચાવી
૧. બળતરા (૩)
૨. બાવડું, હાથ (૨)
૩. આશ્ચર્યકારક (૩)
૪. કાચી વયનું (૩)
૫. વકીલાત (૪)
૮. આકાશ (૩)
૯. લોકમત (૪)
૧૦. દેગ (૨)
૧૨. દુનિયા (૨)
૧૩. પોચું (૩)
૧૪. જુસ્સો, અદીરાઈ (૫)
૧૬. પરવાનગી (૨)
૧૭. વાંદરું (૩)
૧૮. દિલ (૨)
૧૯. દબાવીને રાખવું (૫)
૨૧. ફત્તેહ, વિજય (૨)
૨૪. પવન (૩)
૨૫. શરીરની ઊંચાઈ (૨)
૨૮. બાણ , તીર (૨)
૨૯. અભિપ્રાય (૨)

૦૯૧૭ - ૭૬૬૧ ૮૬૬૮૩૭૮

અનુસંધાન ... પાના પહેલાનું

રખડતા કૂતરા...

લોકો અને ખાસ કરીને બાળકો કૂતરા કરડવાથી જીવ ગુમાવી રહ્યા છે, જે અત્યંત ગંભીર બાબત છે. સુપ્રીમે કહ્યું હતું કે કોઈ પણ જાણી શકતું નથી કે કૂતરું કરડવાના મૂડમાં છે કે નહીં. માર્ગો કૂતરાં મુક્ત થવા જોઈએ તેમનાં કારણે અકસ્માત થઈ શકે છે. કોર્ટે માત્ર કૂતરા કરડવાની જ નહીં, પરંતુ રસ્તા પર રખડતા પશુઓને કારણે થતા અકસ્માતોની પણ નોંધ લીધી હતી. જસ્ટિસ મહેતાએ જણાવ્યું કે છેલ્લા 20 દિવસમાં રાજસ્થાન હાઈકોર્ટના બે જજ પશુઓના કારણે અકસ્માતનો ભોગ બન્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટીએ 1400 કિમીના રસ્તાને જોખમી ગણાવ્યા હોવા છતાં રાજ્યો દ્વારા યોગ્ય કાર્યવાહી ન થતા કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશ, પંજાબ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોને એફિડેવિટ ફાઈલ ન કરવા બદલ ફટકાર લગાવી હતી. કોર્ટે સરકારને 2018ના એનિમલ બર્થ કંટ્રોલ (એબીસી) નિયમોના કડક અમલ અંગે જવાબ માગ્યો છે. આ કેસની વધુ સુનાવણી 8 જાન્યુઆરીએ થશે.

ગઠબંધનનો 'ગોટાળો...

સસ્પેન્ડ કર્યા હતા તેની સાથે તેના બ્લોક અધ્યક્ષને પણ ભાજપ સાથે ગઠબંધન કરવા બદલ સસ્પેન્ડ કર્યા હતા. શિવસેના (યુબીટી)એ પણ ભાજપની ટીકા કરતા કહ્યું કે તે શાસક પક્ષના બેવડા ધોરણોને પ્રતિબિંબિત કરે છે અને દર્શાવે છે કે તે સત્તા મેળવવા માટે કંઈ પણ કરી શકે છે. અંબરનાથમાં, ભાજપે કોંગ્રેસ અને એનસીપી સાથે ચૂંટણી પછીની સમજૂતી કરી, 31 બેઠકોની બહુમતી મેળવી, જોકે શિવસેના 27 સભ્યો સાથે સૌથી મોટી પાર્ટી છે. 60 સભ્યોની કાઉન્સિલના મતદાનમાં, શિવસેનાએ 27 બેઠકો જીતી, જે બહુમતીથી માત્ર ચાર બેઠકો ઓછી રહી. ભાજપને 14 બેઠકો, કોંગ્રેસને 12 બેઠકો, એનસીપીને 4 બેઠકો મળી, જ્યારે 2 અપક્ષો પણ ચૂંટાયા હતા.

GDP 7.4%...

ઘટાડો, નીચો ફુગાવો અને મજબૂત ગ્રામીણ માંગને કારણે અર્થતંત્રની ગતિ જળવાઈ રહી છે.

જીડીપી 4 ટ્રિલિયન ડોલરની નજીક પહોંચશે

અમેરિકન ડોલરના સંદર્ભમાં, ભારતનું GDP 3.97 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે (1 USD = 90 ના આધારે). ચીનનો અંદાજિત વૃદ્ધિ દર 2026 માટે 4.4 ટકા છે, જે ભારત કરતા ઘણો ઓછો છે.નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO) ના ડેટા મુજબ, મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 7 ટકા અને સર્વિસ સેક્ટરમાં 9.1 ટકાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો છે. આ આગોતરા અંદાજોનો ઉપયોગ 1 ફેબ્રુઆરીએ રજૂ થનારા કેન્દ્રીય બજેટની તૈયારીમાં કરવામાં આવશે.

વિગત	FY 2025-26 (અંદાજ)	FY 2024-25 (ગત વર્ષ)
રીઅલ GDP વૃદ્ધિ દર	7.4%	6.5%
સર્વિસ સેક્ટર વૃદ્ધિ	9.1%	7.2%
મેન્યુફેક્ચરિંગ સેક્ટર	7.0%	4.5%
કૃષિ ક્ષેત્ર	3.1%	4.6%

પાકિસ્તાને બાંગ્લાદેશને...

મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું', એમ મીડિયા વિંગે જણાવ્યું હતું. 'જેએફ-17 થંડર એરક્રાફ્ટની સંભવિત ખરીદી પર પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.' નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ફાઇટર જેટે ભારત સાથેના તાજેતરના સંઘર્ષ દરમિયાન તેની લડાઇ ક્ષમતાઓ સાબિત કરી છે. ખાન એક ઉચ્ચ સ્તરીય સંરક્ષણ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા હતા. બેઠક દરમિયાન સિદ્ધુએ તેમના બાંગ્લાદેશી સમકક્ષને પીએએફની તાજેતરની પ્રગતિ વિશે માહિતી આપી હતી અને પીએએફ સંસ્થાઓમાં બેઝિકથી લઈને એડવાન્સ ઉડાન અને વિશેષ કોર્સ દ્વારા બાંગ્લાદેશ વાયુસેનાને ટેકો આપવાની પાકિસ્તાનની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હત